# શહેરમાં યોજાઈ ઐતિહાસિક પરશુરામ યાત્રા

**સેંકડો ભૂદેવો કેશરી સાફામાં સજ્જ થઈ જય પરશુરામ - હર હર મહાદેવના જયઘોષથી ગજવતાં અનોખો માહોલ સર્જાયો હતો**









ગાંધીનગર, તા. ૩

આજ રોજ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર(રાજ્યકક્ષા) દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિતે આયોજિત ભવ્ય શોભા યાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી હતી. ઠેર ઠેર વિવિધ સમાજો અને વસાહત મંડળો દ્વારા સ્વાગત કરાયું હતું.

આ શોભા યાત્રામાં બ્રહ્મ સમાજના પદાધિકારીશ્રીઓ, ગાંધીનગર શહેરના બ્રહ્મ સમાજના અગ્રણીઓ તથા યુવતીઓ અને મહિલાઓ એ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ભગવાન પરશુરામજીની જન્મ જયંતિના ઉપલક્ષમાં, બ્રહ્મ સમાજે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. ગાંધીનગર, સેક્ટર ૧૫ થી આ યાત્રા પરંપરાગત રિતી રીવાજને અનુસરીને આરંભાઈ હતી. ઢોલ, નગારા, તાસ, અને ભગવાન શ્રી પરશુરામના ભજનોના નાદ સાથે બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને મહિલાઓ મોટી સંખ્યામાં ભગવો સાફો ધારણ કરીને જોડાયા હતી. દ્વિચક્રી વાહન, ગાડીઓ, રથ તથા અક્ષ્વ અને પગપાળા ચાલતા સભ્યોએ સિસ્તબધ રીતે ગાંધીનગરના માર્ગ પર પ્રયાણ કર્યુ હતું.

ભગવાન પરશુરામના રથ સાથે આ યાત્રા, સેક્ટર ૧૭ માં આવેલા હનુમાન મંદિર થઈ ૧૭-૨૨ થઈ પંચદેવ મંદિર થઈ, સે.૨૧ વૈજનાથ મંદિર થઈ, ચ-૬, ઘ-૬, સે.૨૪/૨૭ થઈ સે.૨૩ થઈ બ્રહ્મભવન પહોંચી હતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી પીનાકીન રાવલે, સમસ્ત ભૂદેવો અને બ્રહ્મ બંધુઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનર અને યુવા પરિવાર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આ યાત્રાનું આયોજન કરાવામાં આવ્યું હતું.

ભૂદેવોના કુલદેવ અને ભગવાન શ્રી વિષ્ણુના છઠ્ઠા અવતાર, શ્રી પરશુરામ ભગવાનની જન્મ જયંતીની ઉજવણીના ભાગ સ્વરૂપે આ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪ વાગ્યે, બ્રહ્મભવન , સે.૧૬, ગાંધીનગરથી, સોમનાથ મહાદેવ મંદારના પ્રાંગણમાંથી આ યાત્રાની શરૂઆત થઈ હતી. અને સેક્ટર ૧૭ના હનુમાન મંદિર થઈને, સાંજે ૭:૩૦ કલાકે આ ભગવાન પરશુરામની શોભાયાત્રા સોમનાથ મહાદેવના પ્રાંગણમાં પરત ફરી હતી. ત્યાં મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ રાત્રીના ૮ વાગ્યાથી લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં પણ મોટી સંખ્યામાં ભૂદેવો અને બ્રહ્મ સમાજના અગ્રણી પ્રમુખ, પિનાકીનભાઈ રાવલ, મહામંત્રી, અનિલભાઈ શુક્લ, યુવા પ્રમુખ, કષ્યપ જાની, મહામંત્રી, હાર્દીક રાવલ, ગાંધીનગર બ્રહ્મ સમાજ, ક્રિષ્ના જાની, મંત્રી, તુષાર રાવલ, ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ, નરેશ દવે જોડાયા હતા. આ ઉપરાંત શહેરના અગ્રણીઓ આશિષ દવે, નિશીત વ્યાસ, રૂચિર ભટ્ટ સહિત મોટી સંખ્યામાં ભૂદેવો ભગવાન પરશુરામની શોભાયાત્રામાં જોડાયા હતા.

## જિલ્લા પંચાયતમાં નબળા નેતૃત્વને લઈ મુલાકાતીઓની સંખ્યા ઘટી રહી છે

**પંચાયતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યાના દોઢ વર્ષ બાદ પણ નવા મકાન અંગે વહીવટીય પાંખ સાથેના મતભેદને લઈ પ્રશ્ન વણ ઉકલ્યો રહ્યો : ૧૮ ગામ અને ૧ ન.પા. વિસ્તાર શહેરમાં ભેળવ્યા પછી આવકમાં ઘટાડા બાદ નવી આવક માટે કોઈ વિચારસુદ્ધાં થયો નથી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નબળા નેતૃત્વને પગલે પંચાયતની કચેરીએ આવતા મુલાકાતીઓની સંખ્યા ઘટવા પામી છે તેમજ ગ્રામીણ વિસ્તારમાં પણ વિકાસના કામો અટવાઈ જવા પામ્યા છે.

એક દસક કરતાં પણ વધુ સમય બાદ પૂર્ણ બહુમતિ સાથે ભારતીય જનતા પક્ષે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. નબળા નેતૃત્વને લઈ જિલ્લા પંચાયતની સત્તા સંભાળ્યાના દોઢ વર્ષ પછી પણ પંચાયતના બિલ્ડીંગ માટે નવુ મકાન બનાવવા કે નવો પ્લોટ તે માટે મેળવવામાં સત્તાધારી પક્ષ નિષ્ફળ રહ્યો છે. જમીન કે પુનઃ નિર્માણના મુદ્દે વારંવાર વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના મતભેદો સામે આવી રહ્યા હોવાથી સરકારે પણ આ રજુઆતોને લઈ આંખ આડા કાન કરી રહેલ છે.

કોરોના કાળ દરમ્યાન ૧૫મા નાણાંપંચની નવી ગાઈડલાઈન સાથે અમલીકરણ શરૂ થયુ. પંચાયતોની નવી ચૂંટણીઓ સંપન્ન થઈ પણ સરપંચો સાથે જિલ્લા પંચાયતે કે ચૂંટાયેલી પાંખના વડાઓએ બેઠક કરી નથી. વિકાસ માટે વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાંથી કામોની વહીવટીય મંજૂરીઓ અને તકનીકી મંજૂરીઓમાંથી હજુ બહાર આવી શક્યા નથી.

નબળા નેતૃત્વને પગલે જિલ્લામાં વરસાદની ૨૧ ટકા ઘટ અને ઉનાળુ વાવેતર ઘટ્યા પછી પણ ખેડૂતો સાથે બેઠકો યોજવાનું ટાળવામાં આવી રહ્યુ છે. પીવાના પાણી માટે ભૂતળ ઊંડા જઈ રહ્યા છે ત્યારે અને પાણીના બોરના કોલમો એકથી બે કોલમ સુધી ઊંડા ઉતારવા પડી રહ્યા છે પણ આવા ગામની મુલાકાતો કરી નથી કે કોઈ ચોક્કસ આયોજન કરાયુ નથી.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની ચેમ્બર અધિકારીને ફાળવી દેવાયા પછી હજુ સુધી તેમની ચેમ્બરનો ઉકેલ આવ્યો નથી

● અનુસંધાન પાન-૭ પર

## ધોરણ-૧૨ સાયન્સનું મેમાં અને ધો.૧૦નું જૂનમાં પરીણામ

**ધો.૧૦-૧૨ સાયન્સના બોર્ડની ઉત્તરવાહી મુલ્યાંકનનું કાર્ય પૂર્ણ : સામાન્ય પ્રવાહની લગભગ ૧૦ ટકા જેટલી કામગીરી બાકી**

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં કોરોનાના કારણે બોર્ડમાં અપાયેલા માસ પ્રમોશન પછી હવે આ વર્ષે યોજાયેલી સામાન્ય પરીક્ષાઓનું પરિણામ પણ મે તથા જૂન મહિનામાં જાહેર કરવામાં આવશે. ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સના બોર્ડની પરીક્ષાની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે સામાન્ય પ્રવાહની માત્ર ૧૦ ટકા જેટલી કામગીરી બાકી છે. ચાલુ મહિનાના અંતમાં ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવાનું આયોજન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ બોર્ડના ટાઈમ ટેબલ પ્રમાણે ગુજરાતમાં બોર્ડની પરીક્ષા મોટાભાગે માર્ચ મહિનામાં લેવામાં આવતી હોય છે પરંતુ આ વર્ષે કોરોનાના કારણે પરીક્ષાઓ બે અઠવાડિયા પાછળ ઠેલવવામાં આવી હતી. એટલે બોર્ડની પરીક્ષા મોડી શરુ થઈ હોવાથી તેની ઉત્તરવહી મૂલ્યાંકનની પ્રક્રિયામાં પણ સમય લાગતા પરિણામ માટે મેના અંત અને જૂનના મધ્ય સુધી રાહ જોવી પડશે. બોર્ડનું પરિણામ જાહેર કરવા માટે પરીક્ષાઓ પછી એપ્રિલ મહિનાની ૧૧ તારીખથી ધોરણ-૧૦ની અને ૧૩ એપ્રિલથી ધોરણ-૧૨ સાયન્સ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરુ કરવામાં આવી હતી. આ કામગીરીમાં ૬૧ હજાર શિક્ષકો રોકાયા હતા. જેમાં સૌ પ્રથમ ધોરણ-૧૨ સાયન્સની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. એ પછી અને ધોરણ-૧૦ની અને હવે સામાન્ય પ્રવાહની લગભગ ૧૦ ટકા જેટલી કામગીરી બાકી છે. આ કામગીરી પણ ચાલુ અઠવાડિયા દરમિયાન પૂર્ણ થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું છે. પરીક્ષા પૂર્ણ થયા પછી સમયસર પરિણામ જાહેર થાય તે માટેની કામગીરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી રહી છે.

## જુના સચિવાલયના બ્લોક નં.૧૮થી ૨૦ને કોર્પોરેટ લુક આપવામાં આવશે

ગાંધીનગર, તા.૩

પાટનગરમાં આવેલા જુના સચિવાલયના બ્લોક નં.૧૮ થી ૨૦ ને અતિઆધુનિક બનાવવામાં આવશે. આ મજબુતીકરણ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ તંત્ર દ્વારા કરવામાં આવશે. કોર્પોરેટ લુક આપી ત્રણેય બિલ્ડીંગ સુવિધાસભર બનાવવા પાટનગર યોજના વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજયના પાટનગરમાં સચિવાલય થી તમામ વિભાગનું સંચાલન કરવામાં આવે છે. સરકારી યોજનાઓ અને આદેશો જયાંથી કરવામાં આવે છે તે સચિવાલય અને જુના સચિવાલયનો કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે.ત્યારે વિધાનસભાનું મજબુતીકરણ બાદ સચિવાલયને પણ આધુનિક ટચ આપવામાં આવ્યો છે.ત્યારે પાટનગરમાં નિર્માણ સમયે તૈયાર કરાયેલ જુના સચિવાલય એ ચાર દાયકા જુની ઈમારતો છે. જે હાલમાં જર્જરીત થઈ જવાથી મરામતની જરુરત ઉભી થઈ છે. ત્યારે જુના સચિવાલય અને વિધાનસભા સંકુલમાં આવેલી તમામ ઈમારતોની મજબુતીકરણ અને આધુનિકરણની પાછળ કરોડો રૂપીયાના ખર્ચની યોજના કેમ્પસની સુધારણા, કચેરીઓને કોર્પોરેટ લુક, માળખાકીય સુવિધા, નવિન ફર્નિચર, ઈમારતના નવીનીકરણના કામનો તેમાં સમાવેશ થાય છે.વિધાનસભા અને સચિવાલયની



રાજય સરકારે અમલી બનાવી છે. તેના અંતર્ગત વિવિધ સુધારાની કામગીરી હાથ ધરાઈ છે.માર્ગ મકાન વિભાગ અને પાટનગર યોજના વિભાગ દ્વારા તેના માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવનાર છે. વિભાગના અંગત સુત્રો દ્વારા મળતીવિગત મુજબ આધુનિકરણની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે.ત્યારે હવે જુના સચિવાલયના બ્લોક નં.૧૮ થી ૨૦ માં સુવિધાની કામગીરી કરવા તેમજ જુના સચિવાલયમાં જ અન્ય કચેરીઓમાં પણ મજબુતીકરણ અને નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

## આજે આઈપીઓના વિરોધમાં એલઆઈસી કર્મચારીઓ બે કલાકની હડતાળ પાડશે

ગાંધીનગર, તા.૦૩

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય જીવન વિમા નિગમના આઈપીઓનું આયોજન કરીને, એલઆઈસીના શેર વેચીને તેના ખાનગીકરણ તરફ ડગ માંડયા છે, તેમજ એલઆઈસીનું મૂલ્યાંકન લગભગ રૂ.૧૫ લાખ કરોડથી ઘટાડીને રૂ.૬ લાખ અઢાર કરોડનું કર્યું છે જે દેશના લાખો પોલિસીધારકો અને નાગરિકો સાથે વિશ્વાસનો ગંભીર ભંગ છે તેવું જણાવતાં એલઆઈસી એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા તા.૪થી મેના રોજ બે કલાકની હડતાળનું આહવાન કરવામાં આવ્યું છે. આ હડતાળમાં લંચ રિશેષ પહેલા બે કલાકની વોક આઉટ સ્ટ્રાઈક માટે હાકલ કરવામાં આવી છે જેમાં એલઆઈસીની ગાંધીનગર ડિવિઝનલ ઓફિસના કર્મચારીઓ પણ જોડાશે. ઓલ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ એમ્પ્લોઈઝ એસોસિયેશનનું માનવું છે કે આઈપીઓ એસ એલઆઈસીના ખાનગીકરણ તરફનું પ્રથમ પગલું છે. આઈપીઓ એલઆઈસીના પાયાના ઉદ્દેશોને નબળો પાડશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com